આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- વિરલ રાણા

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ:- ૧૦-૧૧-૨૦૨૪ સમય:-સાજે ૬.૨૫ કલાકે

## ખરીફ પાક-ટેકાના ભાવે ખરીદી

રાજ્યભરમાં આવતીકાલથી ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદીની શરૂઆત થશે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સાબરકાંઠાના હિંમતનગર ખાતેથી આ ખરીદીનો શુભારંભ કરાવશે. રાજ્યમાં અંદાજે 160થી વધુ ખરીદ કેન્દ્રો પર મગફળીની ટેકાના ભાવે ખરીદી થશે. જે માટે ઓનલાન નોંધણી કરાવવાનો આજે છેલ્લો દિવસ છે. મગફળીની ખરીદી માટે અત્યાર સુધીમાં રાજ્યના કુલ ૩ લાખ 33 હજારથી વધુ ખેડૂતોએ ઓનલાઈન નોંધણી કરાવી હોવાનું કૃષિમંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું.

રાજ્ય સરકાર મગફળી ઉપરાંત અડદ અને સોયાબિનની પણ ટેકાના ભાવે ખરીદી કરશે. વિવિધ જિલ્લાઓમાં સરકાર માન્ય ખેતીવાડી બજારોમાંથી પાકની ખરીદી કરાશે.

**(RNU અમદાવાદ/વિરલ રાણા)**

---

## નમો લક્ષ્મી-નમો સરસ્વતી- યોજના

રાજ્યમાં નમો લક્ષ્મી યોજના હેઠળ અત્યાર સુધીમાં સાત લાખથી વધુ વિદ્યાર્થોને 174 કરોડ રૂપિયાની અને નમો સરસ્વતી યોજનામાં એક લાખથી વધુ વિદ્યાર્થીઓને આશરે 40 કરોડથી વધુની સહાય ચૂકવવામાં આવી છે.

રાજ્યના વિદ્યાર્થીઓને અમૃતકાળમાં ઉચ્ચ ગુણવત્તાયુક્ત ભવિષ્યલક્ષી શિક્ષણ મળી રહે તે હેતુથી વર્ષ ૨૦૨૪-૨૫ના બજેટમાં શિક્ષણ ક્ષેત્રે બે નવી

યોજના 'નમો લક્ષ્મી' અને 'નમો સરસ્વતી વિજ્ઞાન સાધના' યોજનાની જાહેરાત કરવામાં આવી હતી.

આ બંને યોજનાઓ દ્વારા શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને શિક્ષણ માટે આર્થિક સહાય પૂરી પાડવામાં આવે છે. આ બંને યોજનાઓ શરૂ થવાથી રાજ્યમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીનીઓની સંખ્યામાં તેમજ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થશે.

**(RNU અમદાવાદ/વિરલ રાણા)**

---------------------------------------------------------------------

## મોબાઇલ હેલ્થ યુનિટો

રાજ્યના છેવાડાના નાગરિકોને આરોગ્યલક્ષી પાયાની સુવિધાઓ મળી રહે તેવા આશયથી હાલ રાજ્યમાં ૧૨૮ મોબાઇલ હેલ્થ યુનિટો કાર્યરત છે. જેમાં ૪૫ મોબાઈલ હેલ્થ યુનિટ, ૩૦ મોબાઈલ મેડિકલ યુનિટ તેમજ ૫૩ મોબાઈલ હેલ્થ યુનિટનો સમાવેશ છે. જેમાં સૌથી વધુ કચ્છ જિલ્લામાં ૧૪, વલસાડમાં ૧૧ અને બનાસકાંઠામાં ૯ મોબાઈલ હેલ્થ યુનિટ કાર્યરત છે.

છેલ્લા એક વર્ષમાં મોબાઈલ હેલ્થ યુનિટ દ્વારા ૩૮,૦૯૯ રૂટ કરી ૨૩ લાખ ૬૦ હજારથી વધુ નાગરિકોને ઓન રૂટ ઓ.પી.ડી. સેવાઓ આપી છે. જેમાં મોબાઈલ હેલ્થ યુનિટ દ્વારા ૧૫,૯૮૩ રૂટ ઉપર ૧ કરોડ, ૨૪ લાખ, ચાર હજાર ૫૪૦ દર્દીઓની સેવા આપી, મોબાઈલ હેલ્થ યુનિટે ૧૩,૦૯૭ રૂટ કરી ૩ લાખ ૯૦,૭૧૨ તેમજ મોબાઈલ મેડિકલ યુનિટ દ્વારા ૯૦૧૯ રૂટ કરી ૭ લાખ ૨૫,૦૨૫ નાગરિકોને સારવાર આપવામાં આવી છે.

**(RNU અમદાવાદ/વિરલ રાણા)**

---------------------------------------------------------------------

## વિશ્વ જાહેર પરિવહન દિવસ

વિશ્વ જાહેર પરિવહન દિવસની આજે ઉજવણી કરવામાં આવી રહી છે. આ દિવસનો ઉદ્દેશ્ય સુલભ, કાર્યક્ષમ અને ટકાઉ પરિવહન પ્રણાલીના મહત્વને

પ્રકાશિત કરવાનો છે. જાહેર પરિવહનથી બળતણની ઓછી ખપત અને પૈસાની બચત પણ થાય છે, ત્યારે જાહેર પરિવહનનો મહત્તમ ઉપયોગ થાય તે હિતાવહ છે.

ગુજરાતના જાહેર પરિવહનની જીવાદોરી ગણાતી ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ લિમિટેડ એટલે કે GSRTCની બસ સેવાનો લાભ ૧૮ લાખ ૨૧ હજાર ગ્રામીણ અને ૪૬ હજાર શહેરી મુસાફરો તથા ૮ લાખ ૩૦ હજાર વિદ્યાર્થીઓ મળીને કુલ ૨૭ લાખ ૧૮ હજાર નાગરિકો લઈ રહ્યા છે.

એસ.ટી. વિભાગ દ્વારા 8 હજાર ૩૨૦ બસ અને ૪૨ હજાર ૦૮૩ ટ્રીપના માધ્યમથી ૩૪ લાખ બાવન હજાર કિલોમીટરનો પ્રવાસ ખેડવામાં આવે છે. ગુજરાતના ૧૮ હજાર ૩૬૭ ગામડાઓ એટલે કે ૯૯.૩૪ ટકા ગામડાઓને એસ.ટી. નિગમે આવરી લીધા છે.

**(RNU અમદાવાદ/વિરલ રાણા)**

---

## પ્રાંત અધિકારી અને સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટ,ભુજ-કચ્છની કચેરી-નવા મકાનમાં કાર્યરત

પ્રાંત અધિકારી અને સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટ,ભુજ-કચ્છની કચેરી તથા મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, ભુજ(શહેર) ની કચેરી આવતીકાલ તા.૧૧મી નવેમ્બર-૨૦૨૪ થી ભુજ મધ્યે ન્યુ લોટસ રીંગ રોડ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રથી રીલાયન્સ સર્કલ,મુંદરા રોડ પર આવેલ નવા મકાનમાં કાર્યરત કરવામાં આવનાર છે. તેવુ પ્રાંત અધિકારીશ્રી, ભુજ કચ્છની એક યાદીમાં જણાવાયુ છે.

**(માહિતી ખાતુ/વિરલ રાણા)**

---

## વિશેષ ટ્રેન

પશ્ચિમ રેલવે દ્વારા વિશેષ ભાડા પર ચાર શિયાળુ વિશેષ ટ્રેનો ચલાવશે. આ ટ્રેનોમાં  બાંદ્રા ટર્મિનસ-ભુજ, બાંદ્રા ટર્મિનસ-ભુજ-વલસાડ,  અને બાંદ્રા ટર્મિનસ-હિસારનો સમાવેશ થાય છે.

આ ટ્રેનોમાં એસી 2-ટાયર, સ્લીપર ક્લાસ અને સેકન્ડ ક્લાસ અને જનરલ કોચ હશે. આ માટે બુકિંગ આજથી તમામ PRS કાઉન્ટર અને IRCTC વેબસાઇટ પર શરૂ થશે. મુસાફરો ટ્રેનોના સ્ટોપેજ અને  સમય સહિતની વિગતવાર માહિતી www.enquiry.indianrail.gov.in પર લૉગ ઇન  કરીને  જોઈ શકશે.

**(RNU અમદાવાદ/વિરલ રાણા)**

---------------------------------------------------------------------------

## રાશકાર્ડ-E-KYC

સરકારની  કોઈપણ યોજના જેવી કે, શિષ્યવૃતિ લેવા,આયુષ્યમાન કાર્ડ બનાવવા વિગેરે રાશકાર્ડનું E-KYC કરાવવું ફરજીયાત છે. ગાંધીધામ મામલતદારે ગઈકાલે ચેમ્બર ઓફ કોમર્સ ખાતે  વ્યાજબી ભાવની દુકાનદારોની બેઠક યોજી લોકોની સુખાકારી માટે નિર્ણય લીધા હતા જેમાં રાશનની  દુકાન, પાલિકામાં તેમજ ગ્રામ પંચાયતમાં પણ ઈ-કેવાયસી કરાવી શકાય તેવી વ્યવસ્થા ગોઠવાતા લોકોને મામલતદાર કચેરી સુધી જવાની જરૂર નહી પડે.

**(NP/વિરલ રાણા)**

---------------------------------------------------------------------------